### દારૂનો કેસ પતાવવા રૂ. ૫૦,૦૦૦ની લાંચ માંગવાના કેસમાં ACBએ કરી હતી ધરપકડ

# લાંચ કેસમાં ઝડપાયેલા આંકલી ગ્રામ પંચાયતના સરપંચ હોદ્દા પરથી બરતરફ

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૫૯(૧) હેઠળ જિલ્લા વિકાસ અધિકારીએ કરી કાર્યવાહી**



(પ્રતિનિધી) દાહોદ, તા.27

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાની આંકલી ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયા સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવ્યા બાદ, જિલ્લા વિકાસ અધિકારી (DDO) હિરેન બારોટ દ્વારા તેઓને સરપંચ હોદ્દા પરથી તાત્કાલિક અસરથી મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આંકલી ગામના એક ગ્રામજનના ખેતરમાંથી સાગટાળા પોલીસે ઈંગ્લિશ દારૂનો જથ્થો પકડ્યો હતો. આ કેસમાં પોલીસ કાર્યવાહીથી બચાવવા અને કેસ પતાવી દેવાના બહાને સરપંચ રમેશભાઈ બારીયાએ વચેટિયા બની ફરિયાદી પાસે રૂ. ૫૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ગોધરા ACBનો સંપર્ક કર્યો હતો. ACB દ્વારા ગોઠવવામાં આવેલા છટકામાં સરપંચ રમેશ બારીયા રૂ. ૫૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા અને ૮ જુલાઈ ૨૦૨૬ના રોજ તેઓની ધરપકડ કરી દેવગઢ બારીયા સબ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. આ મામલે દાહોદ ACB દ્વારા ચાર્જશીટ રજૂ કરાયા બાદ અને પ્રોસિક્યુશન મંજૂરી મળ્યા પછી, જિલ્લા પંચાયત દાહોદ દ્વારા કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે સરપંચને પોતાનો બચાવ રજૂ કરવા માટે ત્રણ વખત રૂબરૂ સુનાવણીની નોટિસ આપી તક આપવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન સરપંચ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો અને કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કર્યા બાદ, જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટે નોંધ્યું હતું કે સરપંચ સામે નૈતિક અધઃપતન (Moral Turpitude) દર્શાવતા ગંભીર ગુના હેઠળ ફોજદારી કાર્યવાહી થયેલી છે અને તેઓ ૬૫ દિવસથી વધુ સમય જેલ અટકાયતમાં રહ્યા છે. જેથી 'ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩'ની કલમ-૫૯(૧) હેઠળ મળેલી સત્તાની રૂએ જિલ્લા વિકાસ અધિકારીએ આંકલી ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયાને હોદ્દા પરથી મોકૂફ કરવાનો આખરી હુકમ કર્યો છે.

## ગરબાડા ઘટક-૧ હેઠળના ગાંગરડા કેન્દ્ર-૩ ખાતે જનજાગૃતિ કાર્યક્રમ

(પ્રતિનિધી) દાહોદ, તા.27

મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠ દ્વારા દર વર્ષે યોજાતી પરંપરાગત વાર્ષિક પદયાત્રા અંતર્ગત આ વર્ષે 'પોષણયુક્ત આહાર અને તંદુરસ્ત પરિવાર'ના સંકલ્પ સાથે વિશેષ પોષણ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠની ટીમે દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા હેઠળ આવતા ગરબાડા ઘટક-૧ ના ગાંગરડા કેન્દ્ર-૩ ખાતે સ્થિત આંગણવાડીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. આ તકે સ્થાનિક બાળકોને સ્વાસ્થ્ય વિષયક બાબતો, પોષણક્ષમ આહાર અને તંદુરસ્ત શરીર જાળવી રાખવા માટે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### પતિ-પત્ની બંનેના હાથ-પગમાં ફ્રેક્ચર થતા સારવાર હેઠળ

# વેજલપુર નજીક લક્ઝરી બસે એક્ટિવાને ટક્કર મારતા દંપતી ઘવાયું

**વેજલપુર પોલીસે લક્ઝરી બસના ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો**

(પ્રતિનિધી) કાલોલ, તા.27

વેજલપુર નજીક ખેડા ફળિયા પાસે હાઈવે રોડ પર એક પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી લક્ઝરી બસે એક્ટિવા મોટરસાઈકલને પાછળથી જોરદાર ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા પર સવાર દંપતી રોડ પર પટકાતાં ગંભીર રીતે ઘવાયું હતું.

વેજલપુરના મોટા મોહલ્લામાં રહેતા ફારુક સિકંદર નાના અને તેમના પત્ની સફિયાબીબી શનિવાર ના રોજ સવારે પોતાના એક્ટિવા (નંબર GJ-17-BF-5866) પર ગોધરા ખાતે આંખની દવા લેવા જઈ રહ્યા હતા. બપોરના આશરે ૩:૦૦ વાગ્યાના સુમારે તેઓ વેજલપુર ખેડા ફળિયા નજીક બાબુ નાયરની પંચરની દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે લક્ઝરી બસ (નંબર GJ-06-AX-5355) ના ચાલકે પોતાના કબ્જાની બસ બેફિકરાઈથી હંકારી આવી એક્ટિવાને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતને પગલે બંને રોડ પર પટકાયા હતા, જેમાં સફિયાબીબીને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી જ્યારે ફારુકભાઈને ડાબા હાથે અને ડાબા પગે ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ થઈ હતી. બનાવ બાદ લક્ઝરી બસનો ચાલક વાહન લઈને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

સ્થાનિકો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર અર્થે ગોધરાની ઓર્થોપેડિક હોસ્પિટલમાં એડમિટ કરી ફારુકભાઈના ડાબા હાથનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. સારવાર બાદ રજા મળતાં, ઈજાગ્રસ્તના ૨૦ વર્ષીય પુત્ર સુફિયાન ફારુક નાનાએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે. વેજલપુર પોલીસે લક્ઝરી બસના ફરાર ચાલક વિરુદ્ધ બી.એન.એસ. અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### પંચમહાલમાં પ્રથમ, ગુજરાતમાં દ્વિતીય અને દેશમાં ૯મો ક્રમાંક

# એજ્યુકેશન વર્લ્ડ ઈન્ડિયા સ્કૂલ રેન્કિંગ્સમાં કાલોલની અમૃત વિદ્યાલયનો ડંકો વાગ્યો



(પ્રતિનિધી) કાલોલ, તા.27

શિક્ષણ ક્ષેત્રે સમગ્ર પંચમહાલ જિલ્લા સહિત ગુજરાત રાજ્યનું ગૌરવ વધારતી એક ભવ્ય સિદ્ધિ કાલોલની અમૃત વિદ્યાલયે હાંસલ કરી છે. પ્રતિષ્ઠિત 'એજ્યુકેશન વર્લ્ડ ઈન્ડિયા સ્કૂલ રેન્કિંગ્સ' (EWISR) ૨૦૨૬-૨૭ એવોર્ડ્સમાં અમૃત વિદ્યાલયે દેશ અને રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કરીને ઝળહળતી સફળતા મેળવી છે.શાળાને "હેપીનેસ એન્ડ વેલ-બીઈંગ ચેમ્પિયન્સ" (Happiness and Well-Being Champions) કેટેગરી હેઠળ વિશેષ રૂપે સન્માનિત કરવામાં આવી છે. આ ગ્રાન્ડ જ્યુરી રેન્કિંગ્સમાં શાળાએ મેળવેલ મુખ્ય રેન્કિંગ્સ નીચે મુજબ છે:પંચમહાલ જિલ્લોઃ પ્રથમ ક્રમાંક (Rank »1),ગુજરાત રાજ્યઃ બીજો ક્રમાંક (Rank »2),સમગ્ર ભારતઃ નવમો ક્રમાંક (Rank »9) મેળવ્યો છે.એજ્યુકેશન વર્લ્ડ દ્વારા આપવામાં આવતો આ એવોર્ડ માત્ર પુસ્તકીય કે એકેડેમિક શિક્ષણ પૂરતો સીમિત ન રહેતાં, શાળા પરિસરમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, માનસિક સ્વાસ્થ્ય, સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ અને આહલાદક સુખાકારી માટે કરવામાં આવતા વિશેષ પ્રયાસોને ધ્યાનમાં રાખીને ગ્રાન્ડ જ્યુરી દ્વારા એનાયત કરવામાં આવે છે. અમૃત વિદ્યાલયે વિદ્યાર્થીઓ માટે આનંદદાયક અને તાણમુક્ત વાતાવરણ નિર્માણ કરવામાં દેશભરમાં આગવું સ્થાન બનાવ્યું છે.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો હુંકાર

# દાહોદ જિલ્લા દ્વારા પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રામધૂનનું આયોજન

**19 મહિનાથી સ્વચ્છતા સંકુલની ગ્રાન્ટ આપવામાં આવી નથી**

(પ્રતિનિધી) 456, તા.20

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ જિલ્લા દ્વારા શિક્ષકોના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે આગામી તા. 3 નવેમ્બર, 2026ના રોજ જિલ્લા પંચાયત કચેરી સામે વિશાળ રામધૂનનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના આશરે 3,000 શિક્ષકો જોડાશે અને પોતાના પડતર પ્રશ્નોના વહેલી તકે નિરાકરણ માટે રજૂઆત કરશે. મહાસંઘ દ્વારા જણાવવામાં આવ્યું છે કે શિક્ષકોના વિવિધ પ્રશ્નો લાંબા સમયથી પડતર રહેતા શિક્ષક આલમમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.મહાસંઘની મુખ્ય માંગણીઓ આ મુજબ છે 1.CPFમાંથી GPFમાં રકમ ટ્રાન્સફર કરવીઃછેલ્લા એક વર્ષથી CPFની રકમ GPFમાં ટ્રાન્સફર કરવામાં આવી નથી. ગુજરાતના અન્ય તમામ જિલ્લાઓમાં આ કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં દાહોદ જિલ્લામાં આ પ્રશ્ન હજુ પડતર છે.સ્વચ્છતા સંકુલની ગ્રાન્ટ ચૂકવવી છેલ્લા 19 મહિનાથી સ્વચ્છતા સંકુલની ગ્રાન્ટ આપવામાં આવી નથી. આ ગ્રાન્ટ તાત્કાલિક ચૂકવવામાં આવે. GPEનો હિસાબ આપવો છેલ્લા બે વર્ષથી GPEનો હિસાબ આપવામાં આવ્યો નથી. તેનો હિસાબ તાત્કાલિક અને પારદર્શક રીતે રજૂ કરવામાં આવે. નિવૃત્ત શિક્ષકોને રાજ્ય વીમાની રકમ ચૂકવવી છેલ્લા પાંચ વર્ષથી નિવૃત્ત થયેલા શિક્ષકોને રાજ્ય વીમાની રકમ ન મળવાની સમસ્યાનું નિરાકરણ લાવી, તેમને મળવાપાત્ર રકમ ચૂકવવામાં આવે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ જિલ્લા દ્વારા વહીવટી તંત્ર સમક્ષ માંગ કરવામાં આવે છે કે શિક્ષકોના આ તમામ પડતર પ્રશ્નોને ગંભીરતાથી લઈને સમયમર્યાદામાં ઉકેલવામાં આવે. શિક્ષકોના હક અને ન્યાય માટે મહાસંઘ સતત પ્રયત્નશીલઅખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, દાહોદ જિલ્લો..

### નાગરિકોની સુરક્ષા સામે સવાલ

# તાલુકા મથક હોવા છતાં સિંગવડ નગર CCTV કેમેરાથી વંચિત

**સરકારમાંથી આવતી ગ્રાન્ટ મળવા છતાં કામગીરી કેમ થતી નથી ? મોટી રકમની ખાયકી કયાં થાય છે? જેવી લોક ચર્ચાઓ**

(પ્રતિનિધી) સિંગવડ, તા.27

સિંગવડ તાલુકાનું મુખ્ય મથક હોવા છતાં સિંગવડ નગર આજદિન સુધી CCTV કેમેરાની સુવિધાથી વંચિત રહેવા પામ્યું છે. નગરમાં કેમેરા નહીં લાગવાને કારણે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, સિંગવડ નગરમાં અવારનવાર નાના-મોટા ગુનાહિત બનાવો, ચોરી વાહન ચોરી પશુ ચોરી અને અકસ્માત જેવા બનાવો બનતા રહે છે. જો નગરમાં CCTV કેમેરા લાગેલા હોય તો કોઈપણ બનાવ બને તો તરત જ તેની જાણ થઈ શકે અને આરોપીઓને પણ સરળતાથી પકડી શકાય તેમ છે. આ અંગે અનેક વખત રાજકીય આગેવાનો અને તંત્રને રજૂઆત કરવા છતાં આજદિન સુધી સિંગવડ નગરમાં કેમેરાની સુવિધા આપવામાં આવી નથી. જ્યારે સરકારમાંથી તાલુકાના વિકાસ માટે લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટો આવતી હોવા છતાં સિંગવડ નગરને કેમેરા માટેની ગ્રાન્ટ મળવા પામી નથી, ત્યારે લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. તાલુકા મથક જેવા મહત્વના નગરને સુરક્ષાની દ્રષ્ટિએ CCTV કેમેરાની સુવિધા મળશે ખરી? તેવો સવાલ હાલ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

### શિવરાજપુર નજીક જંગલમાંથી પાંખના ભાગે ઇજા થયેલી હાલતમાં ઘુવડ મળ્યું

# ગંભીર ઈજાગ્રસ્ત ઘુવડને પાંચ દિવસની સારવાર બાદ જંગલમાં મુક્ત કરાયું

**જીવદયા ટીમની આ કામગીરી વન્યજીવ સંરક્ષણ અને જીવદયાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે**



(પ્રતિનિધી) હાલોલ, તા.27

હાલોલ તાલુકાના શિવરાજપુરમાંથી પાંખના ભાગે ગંભીર ઈજાઓ ધરાવતા ઘુવડને વન્યજીવ રેન્જ શિવરાજપુર દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. આર.એફ.ઓ. અજયસિંહ ભાટી ના નિર્દેશન અને માર્ગદર્શન હેઠળ ફોરેસ્ટ ટીમના પૃથ્વીસિંહ ચૌહાણ તથા સિદ્ધાંત જીવદયા ટીમના પિન્ટુભાઈ ચૌહાણે ઘુવડની સારવાર માટે પ્રયાસો હાથ ધર્યા હતા. પશુચિકિત્સક ડૉ. કીર્તિબેન મકવાણા, ડૉ. દ્રુપલભાઈ અને ડૉ. પ્રિયદત્તભાઈના સહયોગથી ઘુવડને આનંદ ખાતે હોસ્પિટલમાં લઈ જઈ સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ પાંચ દિવસ સુધી સતત દવા-સારવાર અને દેખરેખ રાખવામાં આવી હતી. સારવાર બાદ ઘુવડની તબિયતમાં સુધારો જોવા મળતાં તેને આજે શિવરાજપુરના જંગલ વિસ્તારમાં કુદરતી વાતાવરણમાં મુક્ત કરવામાં આવ્યું હતું. વન વિભાગ અને સિદ્ધાંત જીવદયા ટીમની આ કામગીરી વન્યજીવ સંરક્ષણ અને જીવદયાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે.

### દિલ્હીમાં ગુજરાતના જુડો ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન

# ૭૦મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં ગુજરાતને ૬ મેડલ, મિત્તલ માવીને રજત પદક



(પ્રતિનિધી) દાહોદ, તા.27

દિલ્હીમાં આયોજિત ૭૦મી અંડર-૧૪ નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૨૬-૨૭માં ગુજરાતના જુડો ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતના ખેલાડીઓએ કુલ છ મેડલ જીત્યા છે, જેમાં ત્રણ સુવર્ણ, એક રજત અને બે કાંસ્ય પદકનો સમાવેશ થાય છે. ગુજરાતની ટીમે ઓવરઓલ રનર્સ-અપનો ખિતાબ મેળવ્યો છે. આ ઉપરાંત ભાઈઓ અને બહેનોની ટીમે પણ રનર્સ-અપ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્પર્ધાના બીજા દિવસે ગુજરાતની જુડો ખેલાડી માવી મિત્તલબેને ૨૭ કિલોગ્રામથી ઓછા વજન વર્ગમાં રજત પદક જીતીને ગુજરાત સહિત દેવગઢબારિયા અને દાહોદ જિલ્લાનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. મિત્તલબેન ડી.એલ.એસ.એસ. (DLSS), દેવગઢબારિયા ખાતે જુડોની તાલીમ લઈ રહ્યાં છે. તેમાં મનકોલિયા વિરાલીએ ૨૩ કિલોગ્રામ, મજગુલ શાહનવાઝે ૪૫ કિલોગ્રામ અને બાંભણિયા જયે ૨૫ કિલોગ્રામ વજન વર્ગમાં સુવર્ણ પદક મેળવ્યાં હતાં.

### સુરક્ષા અને સાવચેતી અંગે અપાઈ મહત્વની સૂચનાઓ

# કાલોલ પોલીસ સ્ટેશનમાં દિવાળીના તહેવાર નિમિત્તે વેપારીઓ સાથે ખાસ બેઠક



(પ્રતિનિધી) કાલોલ, તા.27

આગામી પવિત્ર દિવાળીના તહેવારને ધ્યાને રાખીને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે વેપારીઓ સાથે એક ખાસ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. DySP નવીન આહિરના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વેપારીઓ હાજર રહ્યા હતા. બેઠકના પ્રારંભે કાલોલ પોલીસ સ્ટેશનના PI આર. ડી. ભરવાડે ઉપસ્થિત સૌ વેપારીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તહેવારો દરમિયાન શાંતિ, સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વેપારીઓને જરૂરી માર્ગદર્શન અને સાવચેતીના પગલાં લેવા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પોલીસ દ્વારા વેપારીઓ માટે જાહેર કરાયેલી મુખ્ય સૂચનાઓઃ CCTV કેમેરાઃ કિંમતી માલ-સામાન અને ઝવેરાતનો વેપાર કરતા વેપારીઓને પોતાની દુકાન કે પેઢીમાં યોગ્ય રીતે કાર્યરત CCTV કેમેરા લગાવવા અપીલ કરાઈ. દુકાનો તથા શોરૂમમાં કામ કરતા કારીગરો અને નોકરોનું ફરજિયાત પોલીસ વેરિફિકેશન કરાવવા જણાવાયું. દુકાન કે ઘરે બિનજરૂરી વધુ પડતી રોકડ રકમ ન રાખવા અને નાણાકીય વ્યવહારોમાં કાળજી રાખવા સૂચન કરાયું. કિંમતી સામાનની સુરક્ષાઃ તહેવારો દરમિયાન બહારગામ જવાનું થાય ત્યારે સોના-ચાંદીના દાગીના તથા કિંમતી સામાન બેંક લોકરમાં સુરક્ષિત રાખવા જણાવાયું હતુ.

### દેવગઢ બારિયાના પ્રગતિશીલ ખેડૂત

# ભરતભાઈ પટેલ પ્રાકૃતિક ખેતીથી મેળવે છે વાર્ષિક રૂ. ૭ લાખથી વધુ આવક



(પ્રતિનિધી) દાહોદ, તા.27

દાહોદ જિલ્લા રક્તપિત્ત કચેરી દ્વારા રાષ્ટ્રીય રક્તપિત્ત નિવારણ કાર્યક્રમ અંતર્ગત તથા GLRA Indiaના સહયોગથી સામૂહિક આરોગ્ય કેન્દ્ર કતવારા ખાતે આજે ચામડીના રોગો સંબંધિત આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કુલ 128 દર્દીઓએ આરોગ્ય તપાસ કરાવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત તથા જિલ્લા રક્તપિત્ત અધિકારી ડૉ. આર.ડી. પહાડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શિબિરમાં ઝાયડસ હોસ્પિટલનાં તબીબો ડૉ. ખુશ્બુ તથા ડૉ. મોહબત બારીયા દ્વારા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શિબિરમાં તપાસ કરાયેલા દર્દીઓમાં દાદરના 32, સફેદ ડાઘના 28, નવા રક્તપિત્તના 4, અગાઉથી રક્તપિત્તની સારવાર લઈ ચૂકેલા અથવા જૂના રક્તપિત્તના 7, ખંજવાળના 38 તથા કરોળિયા અને સોરાયસિસ સહિતના ચામડીના રોગોના 19 દર્દીઓનો સમાવેશ થાય છે.

### ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ વ્યવહાર વધુ સુગમ, સુરક્ષિત બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

# ગરબાડા તાલુકામાં ભીટોડી પ્રા. શાળાથી NH-59 સુધીના રસ્તાની રિસર્ફેસિંગ કામગીરી પ્રગતિમાં



(પ્રતિનિધી) દાહોદ, તા.27

દાહોદના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ વ્યવહાર વધુ સુગમ, સુરક્ષિત અને અવિરત બને તે માટે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ શ્રેણીમાં, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દાહોદ અંતર્ગત આવતા દાહોદ પેટા વિભાગ દ્વારા ગરબાડા તાલુકામાં મહત્વની રસ્તા સુધારણા કામગીરી હાથ ધરવામાં આવી છે. ગરબાડા તાલુકાના ભીટોડી પ્રાથમિક શાળાથી શરૂ થઈ, હનુમાન મંદિર અને બારીયા ફળિયા થઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-59) સુધી જોડતા અંદાજે મહત્વના માર્ગ પર હાલ રિસર્ફેસિંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ માર્ગ લાંબા સમયથી દૈનિક અવરજવર માટે સ્થાનિક ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકો દ્વારા વપરાતો મુખ્ય માર્ગ છે. રસ્તાની વર્તમાન સ્થિતિ સુધારવા માટે હાથ ધરવામાં આવેલી આ રિસર્ફેસિંગ કામગીરી પૂર્ણ થવાથી આ વિસ્તારના વાહનચાલકો અને ગ્રામજનોને ધૂળ, ખાડાઓ અને અસમતળ રસ્તાની સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે. સાથે જ, મુસાફરી વધુ સલામત અને આરામદાયક બનશે. પંચાયત દાહોદ વિભાગ દ્વારા ગુણવત્તાયુક્ત અને સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે, જેથી ગ્રામ્ય વિકાસના પાયા સમાન માર્ગ સુવિધાનો લાભ વહેલી તકે નાગરિકો સુધી પહોંચાડી શકાય.

# કતવારા CHC ખાતે ચામડીના રોગો માટે આરોગ્ય શિબિર યોજાઈ



(પ્રતિનિધી) દાહોદ, તા.27

દાહોદ જિલ્લા રક્તપિત્ત કચેરી દ્વારા રાષ્ટ્રીય રક્તપિત્ત નિવારણ કાર્યક્રમ અંતર્ગત તથા GLRA Indiaના સહયોગથી સામૂહિક આરોગ્ય કેન્દ્ર કતવારા ખાતે આજે ચામડીના રોગો સંબંધિત આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કુલ 128 દર્દીઓએ આરોગ્ય તપાસ કરાવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત તથા જિલ્લા રક્તપિત્ત અધિકારી ડૉ. આર.ડી. પહાડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શિબિરમાં ઝાયડસ હોસ્પિટલનાં તબીબો ડૉ. ખુશ્બુ તથા ડૉ. મોહબત બારીયા દ્વારા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શિબિરમાં તપાસ કરાયેલા દર્દીઓમાં દાદરના 32, સફેદ ડાઘના 28, નવા રક્તપિત્તના 4, અગાઉથી રક્તપિત્તની સારવાર લઈ ચૂકેલા અથવા જૂના રક્તપિત્તના 7, ખંજવાળના 38 તથા કરોળિયા અને સોરાયસિસ સહિતના ચામડીના રોગોના 19 દર્દીઓનો સમાવેશ થાય છે.